ગિરિમાળાઓથી ઘેરાયેલું અને વનરાજીથી છવાયેલું મનોહર નગરઃ મનાલી

સવારે ગામનું સ્વરૂપ અમે જોઈ શક્યા. માંડ-માંડ ચાળીસેક ઘરનું ગામ છે. ચારે બાજુ નદી, પહાડો, જંગલ, ઝરણાં અને નાના-મોટા ધોધ છે. જેને આપણે સુખસગવડ કહીએ તેવી સુવિધાઓ અહીં નહિવત્ છે. અહીં ખાવા માટે અનાજ છે. રસગુલ્લા નથી. પહેરવા માટે બે- ત્રણ જોડી ગરમ કપડાં છે. સો જોડી નથી. રહેવા માટે સાદું મકાન છે, બહુમાળી બંગલો નથી. પ્રામાણિકતા છે, લુચ્ચાઈ નથી. શાંતિ છે દોડાદોડી નથી; પરગજુવૃત્તિ છે, નિતાંત સ્વાર્થ નથી. આ ભલાભોળા, મહેનતુ અને ધર્મપરાયણ લોકોને આપણે પછાત કે અવિકસિત કહીએ છીએ. શહેરોનાં આપણાં મકાનોમાં ટેબલ, ખુરશી, પલંગ, પંખો, TV, સુંદર કપડાં - જરૂરિયાત કરતાં પચીસગણાં, ફોન, મોટર આદિ અનેકવિધ સુવિધાઓ છે અને તેથી આપણે ભાગ્યે જ વિચાર કરીએ છીએ. વિકાસ એટલે શું? ક્યો વિકાસ? કોનો વિકાસ? શાનો વિકાસ? વિકસિત કોણ અને અવિકસિત કોણ? અમેરિકા વિકસિત દેશ છે અને નેપાળ અવિકસિત દેશ છે એટલે શું? આર્થિક વિકાસ એ જ વિકાસનું એકમાત્ર ધોરણ છે? સુખસુવિધાઓનો વિકાસ એ જ એકમાત્ર વિકાસ છે? તો-તો રમણ મહર્ષિ અને શંકરાચાર્ય પછાત ગણાય!

હવે અમારો રસ્તો સરળ છે. અમારે નગર પહોંચવાનું છે. નગર પહોંચીએ એટલે કુલુમનાલીનો બસરસ્તો મળી જાય. ચાલવાનું હવે બહુ લાંબું નથી અને ચઢાઈ-ઉતરાણ પણ હવે બહુ નથી. અમે નિરાંતે ચાલીએ છીએ અને ચાલતાં-ચાલતાં છેલ્લા ચાર દિવસના અમારા અનુભવોનો વિચાર કરીએ છીએ. કોઈ અનેરી દુનિયાની મુલાકાત લઈને પાછા આવ્યા હોઈએ એવું લાગે છે. કુલુ, બિજલી મહાદેવ, માનીકરણ, જમલુની ઘાટી, મનાલા, ચંદ્રાખાની, રાતનું અમારું મશાલ સરઘસ અરે જીવ! તું ક્યાં- ક્યાં જઈ આવ્યો! કેવા-કેવા વિરલ ચિરસ્મરણીય અનુભવોમાંથી પસાર થઈ આવ્યો! ધનની મૂડીની જેમ અનુભવોની મૂડીને મૂડી ગણીએ તો કરોડોની કમાણી કરીને આવ્યો!

નગર

નગર કુલુઘાટીની પ્રાચીન રાજધાની છે. મનાલીથી પહેલા 20 કિ.મી.ના અંતરે છે. નગર બિયાસ નદીના પૂર્વ તટ ઉપર વસેલું છે. અહીં

રળિયામણો કિલ્લો છે. હવે કિલ્લાનો ઉપયોગ વિશ્રામભવન તરીકે થાય છે. આ કિલ્લાના પ્રાંગણમાંથી કુલુઘાટીના સૌંદર્યનું વિહંગાવલોકન કરી શકાય છે. કિલ્લાની આજુબાજુ ઘણાં મંદિરો આવેલાં છે. ગૌરીશંકરનું શિવમંદિર, ચતુર્ભુજનું વિષ્ણુમંદિર, ત્રિપુર સુંદરીનું શક્તિમંદિર અને મુરલીધરનું કૃષ્ણમંદિર મુખ્ય છે.

રશિયન કલાકાર નિકોલસ રોરિકે અહીં લાંબો સમય નિવાસ કરેલો. તેમના અને તેમના કલાકાર પુત્ર સ્વેતલોકનાં ચિત્રોનું એક સુંદર સંગ્રહાલય તેમના રળિયામણા પહાડી ઘરમાં બનાવવામાં આવ્યું છે, જે દર્શનીય છે. મોટા ભાગનાં ચિત્રો હિમાલયની સૌંદર્યસૃષ્ટિને લગતાં છે.

આ રશિયન કલાકાર 1917ની રશિયન ક્રાંતિ વખતે અંગ્રેજોની મદદથી ભારત આવીને રહ્યા અને નગરને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. તેમના પુત્ર સ્વેતલોક પણ અહીં રહેલા.

મનાલી

મનાલી કુલુથી 39 કિ.મી. દૂર છે. ગિરિમાળાઓથી ઘેરાયેલું અને વનરાજીથી છવાયેલું આ મનાલી મનોહર નગર છે. એના નાના સુંદર ગોળાકાર ઘૂમતા માર્ગો પ્રવાસીઓને ઘેલા કરી મૂકે છે. શરદ અને ગ્રીષ્મ ઋતુમાં ભારતીય અને વિદેશી પ્રવાસીઓનાં ટોળેટોળાં અહીં ઊમટે છે.

અમે જે સ્થળે ઊતર્યા છીએ તે પર્વતારોહણ સંસ્થા (માઉન્ટેનિયરિંગ ઇન્સ્ટિટ્યૂટ) એક દર્શનીય સ્થાન છે. પર્વતારોહણની તાલીમ આપતી ભારતની થોડીક ઉત્તમ

> કુલુના દેવોના મેળામાં હિડિમ્બા પધારે પછી મેળાનો પ્રારંભ થાય તેવી પરંપરા છે. હિડિમ્બાનું મંદિર ભારતમાં અન્ય કોઈ સ્થળે હોવાનું જાણમાં નથી. હિડિમ્બા કુલુક્ષેત્રની ક્ષેત્રપાલિકા છે

સંસ્થાઓમાંની આ એક ગણાય છે. આજુબાજુના પહાડોમાં પર્વતારોહણની તાલીમ માટે ઉત્તમ સ્થાનો છે. સંસ્થામાં પર્વતારોહણ માટે આવશ્યક સાધનોનું એક ઉત્તમ સંગ્રહાલય છે.

મનાલી ગામથી દૂર ઊંચાણવાળા ભાગમાં હિડિમ્બાનું મંદિર છે. ચારેબાજુ ચીડ દેવદારનાં વૃક્ષોની ઘટા છે. કુલુના દેવોના મેળામાં હિડિમ્બા પધારે પછી મેળાનો પ્રારંભ થાય તેવી પરંપરા છે. હિડિમ્બાનું મંદિર ભારતમાં અન્ય કોઈ સ્થળે હોવાનું જાણમાં નથી. હિડિમ્બા કુલુક્ષેત્રની ક્ષેત્ર પાલિકા છે. જેમ બદરીનાથક્ષેત્રના ક્ષેત્રપાલ ઘંટાકર્ણ છે તેમ. મનાલીમાં ઘણા તિબેટિયન નિરાશ્રિતો વસ્યા છે. અહીં એમનો બૌદ્ધ ગોમ્પા પણ છે.

> હિમાલયનાં વિરલ તીર્થો
> ભાણદેવ

મનાલીથી 3 કિ.મી. દૂર રોહતાંગ રોડ પર એક ઘણું પ્રાચીન વશિષ્ઠ મંદિર છે. બાજુમાં વસેલા ગામને પણ વશિષ્ઠગામ કહે છે. અહીં ગરમ પાણીનું ઝરણું વહે છે. યાત્રીઓ માટે ગરમ પાણીના સ્નાનાગારની વ્યવસ્થા કરવામાં આવી છે.

મનાલીથી 29 કિ.મી. દૂર 13400 ફૂટની ઊંચાઈ પર રોહતાંગઘાટ આવેલ છે. આ ઘાટની પેલે પાર લાહુલસ્થિતિનો પ્રદેશ છે. રોહતાંગ થઈને આ રસ્તો લાહુલસ્થિતિમાંથી પસાર થઈને લડાખમાં જાય છે અને લેહ તથા કારગીલ થઈને કાશ્મીર સુધી પહોંચે છે.

(ક્રમશઃ)

અતિ પ્રભાવી, ગૂઢ રહસ્યમયી યંત્રરાજ 'શ્રીયંત્ર'

આ પણા વૈદિક ધર્મશાસ્ત્રોમાં મંત્રો અને યંત્રોના અદભુત અને ગૂઢ રહસ્યો રહેલાં છે. યોગ્ય અને વિધિનુસાર પ્રયોગ ખૂબ પ્રભાવી હોય છે. ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રોના પ્રભાવી પરિણામો અંગે ધર્મશાસ્ત્રોમાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય સચવાયેલું છે. અહીં આજે મંત્રનું એક વિશેષ સ્વરૂપ શ્રીયંત્ર માટે વાત કરવી છે. પ્રભાવી, જટિલ અને ગૂઢ રહસ્ય ધરાવતા શ્રીયંત્રને લોકો પૂજાઘરમાં કે ઘર, ફેક્ટરીની તિજોરીઓમાં આર્થિક અને સામાજિક સુખ-શાંતિ માટે રાખતા હોય છે પણ તેની સંરચના કે આધ્યાત્મિક કથાઓથી ઓછા પરિચિત હોય છે. સામાન્ય રીતે બે પ્રકારના શ્રીયંત્ર જોવા મળે છે એક ઉર્ધ્વમુખી મતલબ કે ઉપરની તરફનું અને બીજું અધોમુખી એટલે કે નીચેની તરફનું, એમાં ઉર્ધ્વમુખી અધિક પ્રભાવી ગણાય છે. ઘરમાં સ્થાપના કરતી વખતે ઉર્ધ્વમુખી શ્રીયંત્ર જાણકારોની સલાહ લઈને ખરીદવું જોઈએ એમાં પણ બે પ્રકારના શ્રીયંત્ર સામાન્ય રીતે જોવા મળે છે. એક તો રેખાંકિત કરેલું તે પછી કાગળ પર હોય કે ચાંદી, સુવર્ણ કે પંચધાતુના પતરા પર હોય શકે તો બીજો પ્રકાર પિરામિડ જેવા આકારમાં સ્ફટીક, ચાંદી, સુવર્ણ કે પંચધાતુનું બનેલું હોય છે. જે મંદિરો, આપણા પૂજાઘર કે ઘર-ઓફિસ-ફેક્ટરીઓની તિજોરીઓમાં ધનવૃષ્ધિ અને માતા-લક્ષ્મીની કૃપા હેતુ મુકી રાખતા હોઈએ છીએ.

ધર્મકથાનુસાર એકવાર આદિ શંકરાચાર્યજીએ કૈલાસ માનસરોવર પાસે કઠીન તપશ્ચર્યા કરી શિવજીને પ્રસન્ન કરી પુછયુ કે ભગવંત વિશ્વ કલ્યાણનો ઉત્તમ માર્ગ ક્યો? ત્યારે શિવજી એ સાક્ષાત લક્ષ્મી સ્વરૂપ શ્રીયંત્રનો મહિમા દર્શાવતા કહે છે સર્વ પ્રકારના સુખ આપનારો, સર્વશ્રેષ્ઠ કલ્યાણકારી શ્રીયંત્ર છે. શ્રીયંત્રમાં પરમ બ્રહ્મ સ્વરૂપિણી આદિ પ્રકૃતિમય દેવી ભગવતી મહા ત્રિપુર સુંદરીનો નિવાસ છે એટલે તેની પૂજા વિશ્વ કલ્યાણકારી છે. દેવ-દેવીઓ સહિત દાનવ-માનવમાં અતિ લોકપ્રિય ગણાતું શ્રીયંત્ર છે. અતિ શક્તિશાળી ગણાતા યંત્રના અધિષ્ટાત્રી દેવી ત્રિપુર-સુંદરી છે. લલિતાદેવી પૂજા ચક્ર અને ત્રિલૌકમોહન યંત્રના નામે પણ પૂજાતો આ શ્રીયંત્ર સર્વરક્ષાકર, સર્વ વ્યાધિનિવારક, કષ્ટનિવારક, સર્વસિધ્ધિ પ્રદ, સર્વાર્થ સિધ્ધ પ્રદાતા ગણાય છે. સામાન્ય રીતે આપણે સૌ લક્ષ્મીયંત્ર તરીકે જ માત્ર ઓળખીયે છીએ પણ તેની પૂજા-સાધનાથી પરિવારમાં સૌ કોઈ વિદ્યાવાન પણ બને છે. પૂજામાં રખાયેલા શ્રીયંત્રની ઉર્જા આખા ઘરમાં ફેલાયેલી રહે છે જે અનિષ્ટ તત્વોને પરિવારથી દૂર રાખે છે. ઘરમાં સુખશાંતી, ધન-ધાન્ય પ્રદાન કરનારી પ્રભાવક હોય છે.

જટીલ અને ગુઢ ગણાતા ભૌમિતિક આકારના આ શ્રીયંત્રના કેન્દ્રમાં એક બિન્દુ છે જેની ચારે બાજુમાં રચાતા અનેક

કનખલ (હરિદ્વાર) ખાતેનું શ્રીયંત્ર મંદિર

ત્રિકોણોમાં પાંચ મોટા ઉપરથી નીચેની બાજુ ઝુકતા ત્રિકોણ છે જે પંચતત્વ, પાંચ સંવેદનાઓ, પાંચ અવયવ, પંચતંત્ર અને પાંચ જન્મ દર્શાવે છે. તેમજ નીચેથી ઉપર ઉઠતા ચાર ત્રિકોણ જીવન, આત્મા, મેરૂ, મજ્જા તથા વંશાનુગતતાનું પ્રતિનિધિત્વ કરે છે. પાંચ તથા ચાર ત્રિકોણના સંયોજનથી નાના કુલ 43 ત્રિકોણ બને છે. પ્રત્યેક 43 ત્રિકોણનું એક એક દેવતા પ્રતિનિધિત્વ કરે છે. સમગ્ર ત્રિકોણ સમુહની બહાર એક આઠ અને એની બહાર સોળ પાંખડીના વર્તુળ રચાયા છે. અંદરનું ચક્ર નાગદલ તરીકે ઓળખાય છે. તેની બહાર ત્રણ વર્તુળ છે જે એક્ટુટર, એન્ડુઇર અને નિકોડન તરીકે ઓળખાય છે. તેની ઉપર પણ ચાર ખુલ્લા દ્વાર દર્શાવતા ત્રણ રેખાના ચોરસ અંકિત થયેલા જોવા મળે છે જે સ્થૂલ શરીર, શુક્ષ્મ શરીર અને કારણશરીરના પ્રતિક માનવામાં આવે છે. સમગ્ર શ્રીયંત્રના પ્રત્યેક અંગને સમજવા એટલા બધા મુશ્કેલ છે કે આ મહાયંત્રને સંપૂર્ણપણે સમજવા માટે વિદ્વાનો કહે છે કે 120 વર્ષ પણ ઓછા પડે તેથી સમર્પિત ભાવે પૂર્ણ ભક્તિથી શ્રીયંત્રને તમે જેટલું જાણો છો એટલું પણ તેનું પૂજન-અનુષ્ઠાન કરો. અન્ય દેવી-દેવતાઓનું ઘર-મંદિરમાં જે પૂજનવિધિ અનુસાર પૂજન કરતા હોય એ મુજબ શ્રીયંત્રનું પણ પૂજન કરો. સાચા ભક્તિ-ભાવથી થતી પૂજાથી શ્રીયંત્રમાં જેઓનું સ્થાન છે એવા સર્વદેવી-દેવતા અને માતા લક્ષ્મી પ્રસન્ન રહે છે.

> સંસ્કૃતિ દર્શન
> સનત દવે

ભગવાન શિવજીએ માતા પાર્વતીને શ્રીયંત્રનો મહિમા સમજાવવા જમીન પર શ્રીયંત્રનું ચિત્રાંકન કરી બ્રહ્માંડમાં તેની મહત્તા વર્ણવી હતી. એવું કહેવાય છે કે શિવજીએ જે જગ્યાએ શ્રીયંત્રનો મહિમા માતા પાર્વતીને સમજાવ્યો તે સ્થળ આજે કાશ્મીરના શ્રીનગર તરીકે ઓળખાય છે. દેવોમાં દેવાધિદેવ મહાદેવ છે અને મંત્રોમાં શ્રેષ્ઠ ૐ છે તે રીતે યંત્રોમાં સર્વોત્તમ શ્રીયંત્ર કહેવાય છે. ઘરમાં, ઓફિસમાં શ્રીયંત્રને ચિત્રસ્વરૂપે કે સ્થૂળ આકાર રૂપે રાખીએ

અમરકંટક સ્થિત
નિર્માણાધિન શ્રીયંત્ર મંદિર

છીએ તેમ કેટલાંક લોકો તેને ગળામાં માળાનું લોકીટ બનાવી પહેરે છે. ગળામાં પહેરી શકાય પણ બાવડા પર કે કમર પર ના પહેરી શકાય. દિવસ દરમ્યાન પહેરેલ શ્રીયંત્ર રાત્રે સૂતા પહેલાં ઘરમંદિરમાં મૂકી દેવું જેથી પવિત્રતા જળવાઈ રહે.

માત્ર શ્રીયંત્રની પૂજા થતી હોય તેવા મંદિરો પણ દેશમાં ઘણી જગ્યાએ છે. કાલીકમ્બલ મંદિર-ચેન્નાઈ, કામાક્ષી મંદિર-ચેન્નાઈ, શ્રી કાલીમંદિર-જયપુર, નિમિશામ્બા મંદિર-મૈસુર, મા હરસિધ્ધિ શક્તિ પીઠ-ઉજ્જૈન, શ્રીયંત્ર મંદિર- કનખલ (હરિદ્વાર), આદ્યશક્તિ જયપીઠ ભદ્રકાલી બટુકનાથ મંદિર-કાસગંજ (યુ.પી.) જેવા અનેક સ્થળે શ્રીયંત્ર મંદિરોના દર્શનિય સ્થળ છે. એમાં હરદ્વારના કનખલ પાસે ગંગાતીરે આવેલ શ્રીયંત્ર મંદિરનો આકાર પણ શ્રીયંત્ર જેવો જ બનાવાયો છે. અહીંના મંદિરમાં લોખંડ સિમેન્ટ ક્યાંય વપરાયાં જ નથી છતાં તેનું સ્થાપાત્ય મંત્રમુગ્ધ કરી દે એવું છે. મંદિરોનું નગર ગણાતા હરિદ્વારના આ મંદિરમાં શ્રીયંત્રની અધિષ્ટાત્રી દેવી ત્રિપુરસુંદરીની સાથે કાલીમાતાની મૂર્તાઓ સોનાની બનેલી છે. ઉપરાંત દેવી લક્ષ્મી અને સરસ્વતીની પણ મૂર્તાઓ આ મંદિરમાં સ્થાપિત છે. સુરતના રાંદેરરોડ વિસ્તારમા પણ શ્રીયંત્રના આકારનું ભવ્ય મેરૂલક્ષ્મી મંદિર બનેલું છે.

> બે પ્રકારના શ્રીયંત્ર જોવા મળે છે એક ઉર્ધ્વમુખી મતલબ કે ઉપરની તરફનું અને બીજું અધોમુખી એટલે કે નીચેની તરફનું, એમાં ઉર્ધ્વમુખી અધિક પ્રભાવી ગણાય છે

શ્રીયંત્રનું એક અનોખુ મંદિર શ્રીયંત્રના આકારમાં છેલ્લા 33 વર્ષથી બની રહ્યું છે છતાં અધુરૂ છે એનું એક કારણ છે કે પ્રાચીન આગમ શાસ્ત્રોના સ્થાપત્યના કેટલાંક સિધ્ધાંતોને અનુલક્ષીને આ મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે જેમાં આ પ્રકારના મંદિરનું નિર્માણ ગુરુ પુષ્ય નક્ષત્ર દરમ્યાન જ કરવામાં આવે અને ગુરૂપુષ્ય નક્ષત્ર વર્ષ દરમ્યાન માત્ર 4-5 દિવસનું જ આવતું હોય છે ત્યારે વધુને વધુ કારીગરો એકસાથે વધુને વધુ નિર્માણ કરવા કાર્યરત હોય છે. આ મંદિર નર્મદાજીના ઉદ્‌ગમ સ્થાન અમરકંકટ ખાતે આવેલું છે. અટલ અખાડાના આચાર્ય મહામંડલેશ્વર શ્રી સ્વામી શુકદેવનંદજીની કલ્પનાથી આ મંદિર બનાવવાનો પ્રારંભ 1991માં કરાયો હતો પણ તેનો ડ્રીમ પ્રોજેક્ટ પૂરો થાય તે પહેલાં ઓગસ્ટ 2018માં તેમનું નિધન થઈ ગયું હતું જેથી તેમના ઉત્તરાધિકારી સ્વામી શરદપૂરી હાલ આ નિર્માણ કાર્ય સંભાળી રહ્યાં છે. ભૌમિતિક આકારના જટીલ અને ગૂઢ શ્રીયંત્ર જેટલું જ જટીલ કાર્ય આ ભવ્ય મંદિર બનાવવાનું કાર્ય છે. જંગલથી ઘેરાયેલ આ ક્ષેત્ર ખૂબ ભવ્ય લાગે છે. અપૂર્ણ હોવા છતાં આ શ્રીયંત્ર મંદિર હાલમાં પણ 64 યોગિનીઓની મૂર્તિઓ મંદિરની શોભા વધારે છે. લોકાર્પણ નથી થયું છતાં લોકો અહીં મોટી સંખ્યામાં દર્શને આવતા હોય છે.

અસ્તિત્વના અવકાશમાં સૂર્યોદયની પ્રતિષ્ઠા કરીએ

આધ્યાત્મિકતા ભારતીય સંસ્કૃતિની આધારશિલા છે. એનું આચરણ-અનુસરણ જ સંસ્કૃતિને વિશ્વમાં બુલંદ બનાવશે. સાંપ્રત સમયમાં આધ્યાત્મિકતાનું આચરણ અવિરત કરવાની જરૂર છે. સમાજનો કેટલોક વર્ગ આધ્યાત્મિકતાનો-ઈશ્વરનો સ્વીકાર કરે છે. તો કેટલોક વર્ગ આધ્યાત્મિકતા અંગે દુર્લક્ષ સેવે છે, ઈશ્વરનો ઈનકાર કરે છે. આથી વૈયક્તિકથી માંડી સમષ્ટિ સુધી કલેશ, અશાંતિ, વિષમતા, વિકટતાનો અનુભવ વિસ્તરતો રહે છે. આના નિવારણ માટે આધ્યાત્મિકતાનું આચરણ અને ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર અનિવાર્ય બને છે. આથી અહીં વાત આધ્યાત્મિકતાના ઈશ્વરના અસ્તિત્વના સ્વીકાર-ઈન્કારની કરવી છે.

પ્રશ્ન એ થાય કે ઈનકાર કેમ?

વ્યક્તિના હતપ્રભ, નિરાશ, નકારાત્મક માનસનો એ પ્રતિભાવ છે. એ નિરાશા- નકારાત્મકતામાંથી બહાર આવવા જ આધ્યાત્મિકતાનો, ઈશ્વરના અસ્તિત્વનો સ્વીકાર જરૂરી બને છે.

જીવનપથની ઠોકરો વ્યક્તિને નિરાશ અને નકારાત્મકતા તરફ ધકેલી દે છે. એવા જીવોને પ્રેમની, હૂંફની, સહૃદયતાની, સંવેદનશીલ સાથ સહકાર આપવાની જરૂર છે. વ્યક્તિનો એક શબ્દ માણસને તોડી નાંખે છે તો એક શબ્દ એને ઊભો કરી દે છે. જાગૃત કરી દે છે, સાવધ-સતર્ક- સભાન કરી દે છે કારણ બોલાયેલા શબ્દો એની અર્થછાયાઓ સાથે વાતાવરણમાં, વ્યક્તિના અંતઃકરણમાં, માનસમાં પડઘાયા કરે છે, જેના પ્રતાપે અને પ્રભાવે એની નકારાત્મક અને સકારાત્મક અસર થાય છે. આથી વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો સમભાવ- સંવાદ, સહૃદયતા વ્યક્તિને, કુટુંબને, સમાજને, રાષ્ટ્રને, સમસ્ત વિશ્વને સરળતા, સફળતા અને સકારાત્મકતા આપે છે- આપી શકવા સમર્થ બને છે. જ્યારે વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો વિવાદ, વિરોધ, અવરોધ નકારાત્મક બનાવે છે. આ નકારાત્મકતા વ્યક્તિથી સમષ્ટિ સુધી વિસ્તરે છે. વ્યક્તિ જ્યારે વિવાદો, વિરોધો, અવરોધોથી ઘેરાઈ જાય છે ત્યારે તે માત્ર નિરાશા જ નહીં, અંધકારનો અનુભવ કરે છે. આવા અંધકારભર્યા માનવજીવનને માનવહૃદયની સંવેદના, સહૃદયતા, સહાનુભૂતિ, આશા જગાડે છે. પણ એ માટે આધ્યાત્મિક અભિગમ, માનવતા, ઈશ્વરનો સ્વીકાર-સ્મરણ જરૂરી છે.

આથી આધ્યાત્મિક અભિગમ, ઈશ્વરીય સ્મરણ માનવજીવનનો પરમ ઉદ્દેશ છે. કર્તવ્ય છે. જેના પ્રતાપે અને પ્રભાવે માનસિક શાંતિ મળે છે. એ શાંતિ સમગ્ર વિશ્વમાં ધીમે ધીમે ફેલાય છે. આ વાત લખવામાં, કહેવામાં જેટલી સરળ છે તેટલી આચરણમાં અઘરી છે.

જ્યારે ચારે બાજુથી અંધકાર ઘેરી વળે ત્યારે આકાશને નિરખ્યા કરીએ. એની અનંતતા, એની વિરાટતા, એના સાયં-પ્રાતઃના રંગોમાં ખોવાઈ જઈએ. પ્રકૃતિનો આ કેવો પ્રાદુર્ભાવ છે. પરમાત્માએ કેવી રીતે આકાશની રચના કરી હશે! એ જ રીતે સરિતા, સમુદ્રનું દર્શન, ક્યાં છે એનો આરંભ, ક્યાં છે એનો અંત, એનો વહેતો પ્રચંડ પ્રવાહ, એનો ખળખળ, કલકલ નાદ આપણા અસ્તિત્વને ઊર્જા અને આનંદથી ભરી દે છે. કેવી રીતે સર્જન કર્યું હશે ઈશ્વરે એનું! વૃક્ષો, વેલીઓ ઝૂમતાં ઝૂમતાં માનવતાને ઝૂમવાનો સંદેશ આપે છે. એનાં પર્ણમર્મર, ડાળીઓનું ડોલન કહે છે કે બસ, સમય ગમે તે હો, ઝૂમતાં રહો. આ બધું દર્શન આપણામાં શક્તિનો સંચાર કરે છે, આનંદ પ્રેરે છે, એક નવી જ આશા પ્રેરણાનું સિંચન કરે છે અને આપણે ચાલવા તત્પર થઈએ છીએ. કાર્ય કરવા કટિબધ્ધ થઈએ છીએ. આ તો આખરે અનુભવનો વિષય છે.

પ્રકૃતિનું આ દર્શન આપણને ઈશ્વરની અનંત શક્તિનો પરિચય કરાવે છે. તો શું અનંત શક્તિનો સ્વામી આપણાં દુઃખો, સમસ્યાઓ, વિષાદ, વિવાદ, વિરોધ, અવરોધને દૂર નહીં કરી શકે? એટલે વ્યક્તિએ આત્મવિશ્વાસ કેળવવાની જરૂર છે. આત્મપ્રતીતિ-આત્માનો અવાજ નિર્માણ કરવાની- સાંભળવાની જરૂર છે. કારણકે ઈશ્વર આપણા આત્મામાં બેઠેલા છે. એની સાથે વાદ-વિવાદ, સંવાદ, વાર્તાલાપ કરીએ. ઝઘડીએ, મંથન-ચિંતન પણ કરીએ. જવાબ મળશે, પ્રકાશ-પ્રેરણા મળશે જ એમાં કોઈ સંદેહ નથી.

આધ્યાત્મિક અભિગમ કેળવવાની વાત કરીએ છીએ ત્યારે વ્યક્તિએ સંપૂર્ણ ફરજનિષ્ઠ, સતત કાર્યશીલ બનવાની અને રહેવાની જરૂર છે. આથી અસ્તિત્વમાં એક પ્રકારની ઊર્જાનો અનુભવ થાય છે, જે આપણને શારીરિક અને માનસિક રીતે ગતિશીલ બનાવે છે. પ્રત્યેક ક્ષણ આપણને નવા નવા વિચારોથી સંપન્ન બનાવે છે. એમાંથી નોખી-અનોખી સ્વસ્થતા અને શાંતિનો અનુભવ થાય છે. અવનવી પ્રેરણાનો ઉદય થાય છે. એ પ્રેરણા સૂર્યોદય જેવી તાજગી આપે છે. આપણે આપણી ભીતર નાવીન્યનો અનુભવ કરીએ છીએ. આ એક માનસિક ગતિવિધિ છે. એ ગતિવિધિને પ્રભાવે અને પ્રતાપે આપણે આપણી સમસ્યાઓ સામે ઝઝૂમી શકીએ છીએ. ઝઝૂમતાં ઝઝૂમતાં નવું જ દર્શન મળે છે ને આપણે સ્વયં આપણી સમસ્યાઓનો ઉકેલ મેળવી શકીએ છીએ. ઝઝૂમવાનું બળ મેળવી શકીએ છીએ.

ઈશ્વરના અસ્તિત્વનો અનુભવ મેળવવા આપણે માનવશરીર તરફ એક જ નજર કરીએ. કેટલું અદ્ધત યંત્ર બનાવ્યું છે ઈશ્વરે. બધું જ આપોઆપ થયા જ કરે છે. કેમ થાય છે? કારણ આપણી અંદર ઈશ્વર બેઠેલો છે. જો એ આપણા અસ્તિત્વનું સંચાલન કરતો હોય તો આપણી સમસ્યાઓનું સંચાલન-નિયંત્રણ નહીં કરી શકે? સવાલ આપણી શરણાગતિનો છે, શ્રધ્ધાનો છે. તમને ઈશ્વરમાં શ્રધ્ધા નથી તો કંઈ નહીં, એને બાજુ પર મૂકીને પણ, આપણે જ્યાં છીએ, જે હાલતમાં છીએ ત્યાંથી જ બે હાથ જોડયા વિના પણ, એને કહીએ, જો તું અહીં હોય તો મને તારો અનુભવ કરાવ.

> - તપન ત્રિવેદી

મારી સમસ્યાનો ઉકેલ બતાવ. જો હું સાચો હોઉં તો મારી સમસ્યાનું નિરાકરણ કર. હું તને ઓળખતો નથી, તારો કોઈ પરિચય નથી, તારા વિશે હું જાણતો નથી, પણ બધા કહે છે કે ઈશ્વર છે એટલે તને કહું છું. તું તો મને જાણે છે, જુએ છે, સમજે છે ને! મને સમજાવ. જો હું સાચો હોઉં તો મારા વિવાદો, વિરોધો, અવરોધોને તું સંભાળી લે અને જુઓ પછી અંગો તમે અનુભવ કરો. હા, પણ એ માટે સત્યનિષ્ઠા જરૂરી છે. પ્રામાણિકતા, નૈતિકતા જરૂરી છે. એના આધારે આપણે ઈશ્વર સુધી પહોંચી શકીશું. આ રીતે એક વાર અંતરથી નાતો જોડવાની જરૂર છે. એ જોડાયા પછી પ્રત્યેક પળ, પ્રત્યેક પગલું એ ભરાવશે અને તેનો આપણે અનુભવ પણ કરી શકીશું. એના અસ્તિત્વનો ઈનકાર કર્યા પછી- ઈનકાર કરીને પણ એને યાદ કરો. સ્વીકાર-ઈનકારની અવઢવમાં ઈશ્વરના અસ્તિત્વની અનુભૂતિ ક્યારે આપણામાં પ્રતિષ્ઠિત થઈ જાય તેની આપણને પણ ખબર નથી પડતી. આજે વિજ્ઞાન એની ચરમસીમાએ છે. મોબાઈલ ઈન્ટરનેટના આ યુગમાં ઈશ્વર પણ એની સાથે સાથે જ ચાલી રહ્યો છે. એનું ઈન્ટરનેટ કદી ખોટકાતું નથી. એનું નેટવર્ક ચોવીસ કલાક કાર્યરત રહે છે. આપણે એને જોઈ શકતા નથી. પણ એ આપણને સતત જોઈ રહ્યો છે, એટલે આમ જોવા જઈએ તો આપણે તેનો સ્વીકાર કરીએ, ઈનકાર કરીએ, તેનો એને કોઈ ફરક પડતો નથી. આપણી અંદર બેઠાં બેઠાં એ આપણી તમામ ગતિવિધિ, આપણાં માનસિક સંચલનો, આપણી ભાવનાઓનો તાગ મેળવી રહ્યો છે. આથી અંદરની સચ્ચાઈ અનિવાર્ય છે. સૂર્યોદય, સૂર્યાસ્તની ઘટના એક ક્ષણના પણ વિલંબ વિના અવિરત થતી જ રહે છે. આથી જ તો આપણે સવારમાં સૌ પ્રથમ સૂર્યને અર્ઘ્ય આપી એની વંદના કરીએ છીએ. સૂર્ય પ્રકાશ છે. ઊર્જા છે. આપણે પણ આપણા અસ્તિત્વના અવકાશમાં સૂર્યોદયની પ્રતિષ્ઠા કરીએ. પ્રકાશ અને ઊર્જાની અભિલાષા અને અભ્યર્થના કરીએ, પછી જોઈએ, અનુભવીએ, આપણું જીવન ક્યાં કેવી ગતિ કરે છે તે. એ ગતિમાં ઈશ્વરની દિવ્યતા દોડતી હશે એ નિશ્ચિત છે.

> સૂર્યોદય, સૂર્યાસ્તની ઘટના એક ક્ષણના પણ વિલંબ વિના અવિરત થતી જ રહે છે. આથી જ તો આપણે સવારમાં સૌ પ્રથમ સૂર્યને અર્ઘ્ય આપી એની વંદના કરીએ છીએ. સૂર્ય પ્રકાશ છે. ઊર્જા છે